અપીલ અરજી નં.૩૧૭ તા.૩૦–૧૨ –૧૦
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી સુરેશભાઈ રઘુનાથ મહેકાર
સામાવાળાઃ– એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)
સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી સુરેશભાઈ રઘુનાથ મહેકારની તા.૨૮–૧૨–૧૦ ની અરજીથી સુરત મહાનગરપાલિકાની લીંબાયતઝોનમાં બોગસ દસ્તાવેજ ઉપર વેરો નામ ચઢાવી દે આકારણી ખાતુ લીંબાયતઝોન તથા ઉધનાઝોનની પાછળ લગાવેલી તમામ અરજીઓમાં કર્મચારીનો હોદ્દો લેખિતમાં જણાવવા તથા આરટીઆઈનો ખોટો જવાબ આપેલ છે તેવું જણાવી તા.૩૦–૧૨–૧૦ ના રોજ કરેલ અપીલ અરજી બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૩૦–૧૨–૧૦ ની **SMC/FAP/** નં.૩૧૭/૨૦૧૦–૧૧

શ્રી સુરેશભાઈ રઘુનાથ મહેકારની તા.૨૮–૧૨–૧૦ ની અરજીથી સુરત મહાનગરપાલિકાની લીંબાયતઝોનમાં બોગસ દસ્તાવેજ ઉપર વેરો નામ ચઢાવી દે આકારણી ખાતુ લીંબાયતઝોન તથા ઉધનાઝોનની પાછળ લગાવેલી તમામ અરજીઓમાં કર્મચારીનો હોદ્દો લેખિતમાં જણાવવા તથા આરટીઆઈનો ખોટો જવાબ આપેલ છે તેવું જણાવી એપેલેટ ઓફિસરને તા.૩૦–૧૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે. સાથે બીડાણમાં લીંબાયતઝોન તરફથી મળેલ તા.૭–૧૨–૧૦ ની તેમની અરજીના પ્રત્યુત્તર તા.૨૩–૧૨–૧૦ ના પત્ર નં.૩૩૪૨ ની નકલ બીડેલ છે તેમજ તા.૨૭–૧૨–૧૦ ની મુળ અરજીની નકલ બીડેલ છે તેમજ તા.૩૦–૧૨–૧૦ ની ઉધનાઝોનને લગતી અરજીની નકલ બીડેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ , આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા સાથે અપીલના મુદ્દા અંગે તેમનો પક્ષ પણ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૯ તા.૧૫–૧–૧૧ થી એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં અપીલ ફોર્મ સાથે સંખ્યાંબધ અરજીઓ જેવી કે, લીંબાયતઝોનના તા.૨૩–૧૨–૧૦ ના પત્રમાં તા.૭–૧૨–૧૦ ની અરજી તા.૨૭–૧૨–૧૦ ની મુળ અરજીની નકલ તથા તા.૩૦–૧૨–૧૦ ની ઉધનાઝોનને સ્પર્શતી અરજી વિગેરે પૈકી કઈ મુળ અરજી સામે અપીલ કરેલ ? શી વિગતે? કઈ બાબતે નારાજગી છે તે આધારસહ જણાવવા તેમજ મુળ અરજીમાં આપેલ માહિતી અલગ તારવી જણાવવા તથા વધુમાં માંગેલ પૈકી કઈ માહિતી અધૂરી છે? અને કયા સંદર્ભમાં તે સ્પષ્ટ કરવા સાથે જો તે અંગે તેમની કક્ષાએ કોઈ આધાર હોય તો તે પણ રજૂ કરવા જણાવેલ સાથે માહિતી મળ્યા બાદ આગળની કાર્યવાહી થઈ શકશે તેમ પણ જણાવેલ. સાથે જે મુળ અરજી સામે અપીલ કરેલ હોય તેની ફી ની વિગત તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ પ્રત્યુત્તર અલગ દર્શાવી દિન–૩૦ ની અવધિની અપીલની સમય મર્યાદાની વિગતો સ્પષ્ટ કરવા પણ પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તરફથી સા.ઝોન/મહેકમ/આ.નં.૨૧૨૦ તા.૧–૨–૧૧ થી પૂરક વિગતોમાં અરજદારને પાઠવવામાં આવેલ પત્ર નં.સા.ઝોન/એસ્ટા/૨૦૧૮ તા.૧૫–૧–૧૧ ના પત્રની નકલ, સા.ઝોન/એસ્ટા/૧૮૪૪ તા.૯–૧૨–૧૦ ના પત્રની નકલ ,અરજદારની અપીલ અને મુળ અરજીની નકલ, સા.ઝોન/મહેકમ/૩૩૪૨ તા.૨૩–૧૨–૧૦ ના શ્રીધર હિરજીભાઈ પટેલને પાઠવેલ પત્રની નકલ, અરજદારની તા.૩૦–૧૨–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી લીંબાયતઝોન તરફથી પત્ર નં.સા.ઈ.ઝોન/૬૫૭ તા. ૧–૧–૧૧ થી એઆરઓ લીંબાંયતે પીઓ મહેકમ લીંબાંયતને પાઠવેલ પત્રની નકલ, ફોર્મ નં.૧૫૦૦૬ નંબરનું નામ ટ્રાન્સફરના ફોર્મની નકલ, જયેશભાઈ શ્રીધરભાઈ પટેલના નામના સ્ટેમ્પ પેપરવાળા કબ્જા કરારની નકલ, ટેના નં.૨૬ઈ–૧૭–૨૯૨૧–૦–૦૦૧ ૩૧ –૩–૦૪ ના ટેક્ષ સ્ટેટર્સની નકલ તથા તા.૯–૧૨–૧૦ ના ટેક્ષ સ્ટેટર્સની નકલ, શ્રીધર હિરજીભાઈ પટેલની આરટીઆઈ હેઠળની તા.૭–૧૨–૧૦ ની અરજીની નકલ, નોંધ વિભાગ, પત્ર નં.સા.ઈ.ઝોન/મહેકમ/૩૪૬૪ તા.૪–૧–૧૧ ના રોજ શ્રીધર હિરજીભાઈ પટેલને પાઠવેલ પત્રની નકલ, તથા અરજદારને અત્રેના વિભાગને મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પણ વિગતો અપીલ તબકકે પાઠવેલ પત્રના સંદર્ભે રજૂ કરવામાં આવેલ નથી.

અરજદારની તા.૨૮–૧૨–૧૦ ની અરજીથી અરજદારે ઉધનાઝોનમાં ટેના નં.૨૬ઈ–૧૭–૨૯૨૧–૦–૦૦૧ બાબતે ઉધનાઝોનમાં આકારણી દફતરે નામે કરવા માટે કયા પુરાવા જોઈએ જેની માહિતી માંગતી અરજી કરી તે બાબતે અરજીઓનો નિકાલ કરવાની રજૂઆત કરેલ છે. જેના સંદર્ભે અરજદારે સુરત મહાનગરપાલિકા લીંબાયતઝોનમાં બોગસ દસ્તાવેજ ઉપર વેરો નામે ચઢાવી દે આકારણી ખાતુ લીંબાયતઝોન, દલાલોના કારણે ડુપ્લીકેટ દસ્તાવેજ વેરાબીલ નામે થાય છે જેના આધાર તરીકે ટેના નં.૨૬એ–૧૭–૨૯૨૧–૦–૦૦૧ જયેશભાઈ શ્રીધરભાઈ પટેલનું નામ બાબતે રજૂઆત કરેલ છે. (ઉધનાઝોન) બનાવવા માટે ખર્ચ કેટલું થયું છે તેના બીલની ઝેરોક્ષ નકલ તેવું જણાવી તા.૩૦–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી ઉધનાઝોન ખાતે કરેલ છે. આમ અરજદારે તા.૨૮–૧૨–૧૦ ની અરજી

સામે તા.૩૦–૧૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે.આરટીઆઈ એકટની કલમ–૭(૧) હેઠળ નિયત સમય અવધિ–૩૦ પૂર્ણ થતાના ઘણા સમય પૂર્વે તા.૩૦–૧૨–૧૦ ના રોજ જ અપીલ અરજી કરેલ છે. અપીલ અરજી સાથે જાહેર માહિતી અધિકારી ધ્વારા મળેલ માહિતીની નકલ અને નારાજગીનું વાજબીપણું જણાયેલ નથી. તે સંજોગોમાં અપીલનું કારણ ઉત્પન થતા પૂર્વે અપીલ કર્યાનું સ્પષ્ટ થાય છે. વધુમાં અરજદારને અપીલ તબકકે અપીલ ફોર્મ સાથે સંખ્યાંબધ અરજીઓ જેવી કે લીંબાયતઝોનના તા.૨૩–૧૨–૧૦ ના પત્રમાં તા.૭–૧૨–૧૦ ની અરજી તા.૨૭–૧૨–૧૦ ની મુળ અરજીની નકલ તથા તા.૩૦–૧૨–૧૦ ની ઉધનાઝોનને સ્પર્શતી અરજી વિગેરે પૈકી કઈ મુળ અરજી સામે અપીલ કરેલ ? શી વિગતે? કઈ બાબતે નારાજગી છે તે આધારસહ જણાવવા તેમજ મુળ અરજીમાં આપેલ માહિતી અલગ તારવી તથા વધુમાં માંગેલ પૈકી કઈ માહિતી અધૂરી છે? અને કયા સંદર્ભમાં તે સ્પષ્ટ કરવા સાથે જો તે અંગે તેઓ કક્ષાએ કોઈ આધાર હોય તો તે પણ રજૂ કરવા જણાવેલ તથા માહિતી મળ્યા બાદ આગળની કાર્યવાહી થઈ શકશે તેવું પણ જણાવેલ. સાથે જે મુળ અરજી સામે અપીલ કરેલ હોય તેની ફી ની વિગત તેમજ જાહેર માહિતી અધિકારી તરફથી મળેલ પ્રત્યુત્તર અલગ દર્શાવી દિન–૩૦ ની અવધિની અપીલની સમય મર્યાદાની વિગતો સ્પષ્ટ કરવા પણ જણાવવામાં આવેલ તેમ છતાં અરજદાર તરફથી અપીલ તબકકે આવી કોઈ વિગતો પૂરી પાડવામાં આવેલ નથી. આમ અપીલ બાબતે અપીલનું કારણ ઉત્પન થતું ન હોઈ અપીલ અરજી અંગે કોઈ કાર્યવાહી કરવાની થાય નહીં.

અરજદારની અરજીઓ સમય મર્યાદા પહેલા અપીલ અરજી કરેલ હોઈ અપીલનું કારણ ઉત્પન થતું ન હોઈ પ્રથમદર્શીય રીતે અપીલ ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી. તેમ છતાં વિગતો જોતાં જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન કક્ષાએથી અરજદારને સાઉથઝોનના પત્ર નં.૨૦૨૮ તા.૧૫–૧–૧૧ થી માહિતી પૂરી પાડેલ છે અને અગાઉની અરજી બાબતે પત્ર નં.૧૮૪૪ તા.૯–૧૨–૧૦ થી માહિતી પૂરી પાડેલ છે. તથા લીંબાયતઝોનના માહિતી અધિકારી કક્ષાએથી ટેના નં.૨૬ઈ–૧૭–૨૯૨૧–૦–૦૦૧ માટે પત્ર નં.સા.ઈ.ઝોન/મેહકમ/૩૯૧૧ તા.૧૦–૨–૧૧ થી માહિતી પાઠવેલ છે. જેથી અપીલકર્તા અરજદારે પક્ષે અપીલ તબકકેની પૂરક રજૂઆતની અનઉપસ્થિતિમાં ગુણદોષમાં ગયા વિના અરજદારની અપીલ અરજી દફતર કરવા જોગ થાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૮–૧૨–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી અંગે જાહેર માહિતી અધિકારી ઉધનાઝોન તેમજ લીંબાયતઝોન તરફથી નિકાલ કરેલ હોય તો તેની નકલ અરજદારને તથા શ્રીધરભાઈ હિરજીભાઈ પટેલને પૂરી પાડી નિકાલ કરેલ હોઈ અપીલ અરજી બાબતે વિશેષ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમજ અરજદાર ધ્વારા અપીલનું કારણ ઉત્પન થતા પહેલાં અપીલ કરેલ હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨–૧૧

પ્રતિ,

(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન), સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)..જાણ તથા અમલ માટે .

(૨) શ્રી સુરેશભાઈ રઘુનાથ મહેકાર,